ફોજદારી કેસ નં.: ૧૧૮/૨૦૨૬

**<u>ફરીયાદી તર્ફે સાહેદ નં.        ની જુબાની.</u>**

હું આથી સોગંદ ઉપર પ્રતિજ્ઞા કરી કહું છું કે,                આંક : ૯

મારૂં નામ : ગોવિદભાઈ                પિતાનું નામ : ભગાભાઈ વણકર,

ઉંમર આશરે : ૬૧ વર્ષ                ધંધો: કડીયા કામ,

રહેવાસી : કુકડીયા, તા.ઈડર, જિ.સાબરકાંઠા.

..............................................................................................

**સોગંદ આપ્યા.**                **<u>સોંગદ ઉપરની જુબાની</u>**

**સરતપાસ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.ડી.પટેલ ધ્વારા શરૂ....**

(૧).. આ કામના આરોપીઓને હું ઓળખુ છુ. જે પૈકી આરોપી નં.ર ભાવેશભાઈનાઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે. આરોપી નં.૧ તથા ૩ હાજર નથી. જો આજરોજ તે હાજર હોય તો તેમને ઓળખી શકુ. બચાવ પક્ષે ઓળખની તકરાર નથી.

(૨).. બનાવ તા.૧૭–૦૬–૨૦૨૨ ના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યે કુકડીયા ગામે મારા ઘર આગળ બનેલો. બનાવ વખતે હું ગામમાં શાકભાજી લેવા ગયેલો અને આરોપી નં.૧ નિલમબેનનાઓ સાવરણીથી કચરો વાળીને માટી વાળીને મારા ઘર આગળથી તેમના ઘર તરફ લઈ જતા હતા, તેથી મારી દિકરી ઉર્મીલાએ તેમને કહેલ કે, આ માટી તમે કેમ લઈ જાઓ છો, તેમ કહેતા નિલમબેનનાઓ ઉશ્કેરાઈ જઈ મારી દિકરીને પકડી પાડેલ અને તેમના પતિ ભાવેશભાઈનાઓને ફોન કરી બોલાવી લીધેલ અને નિલમબેને મારી દિકરી ઉર્મીલાને ચોટલો પકડીને પછાડી દીધેલ અને નિલમબેન તથા ભાવેશભાઈનાઓ બને જણાએ ઉર્મીલાને ગડદા પાટુનો માર મારેલ. તે દરમ્યાન આરોપી શાંતાબેનનાઓ આવી ગયેલ અને તેઓએ પણ ઉર્મીલાબેનને છુટા પથ્થરો મારતા ઉર્મીલાને ડાબા પગની સાથળ ઉપર તથા પેટ ઉપર વાગેલ. જેથી મારી દિકરી ઉર્મીલાએ બુમાબુમ કરતા મારી પત્નિ જયોશ્નાબેન આવી ગયેલા. તે વખતે આરોપી નિલમેબન તથા શાંતાબેનનાઓ મારી પત્નિને ગાળો બોલતા હતા. ત્યારબાદ મારી દિકરી ઉર્મીલાએ ફોન કરતા બજારમાંથી ઘરે આવી ગયેલ. આરોપી ભાવેશભાઈનાઓએ મારી દિકરીને ઉઠાવી જવાની ધમકીઓ આપેલ અને કહેતા હતા કે, આ વખતે તો જવા દઉ છુ બીજી વખત જવા નહી દઈએ.સદર બનાવમાં મારી દિકરી ઉર્મીલાને ઈજા થયેલ હોઈ સૌ પ્ર થમ ઈડર સીવીલ હોસ્પીટલ તથા ત્યાંથી વધુ સારવાર માટે હિમતનગર સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા. બનાવ અંગેની ફરીયાદ મે આપેલી.

મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખુ છુ. જે ફરીયાદને રજુ દાખલ **<u>આંક–૧૦</u>** આપવામાં આવે છે.

**સરતપાસ વિ.એ.પી.પી.શ્રી દ્વારા પુરી થયેલ જાહેર કરી..**
**ઉલટ તપાસ આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી એ.જી.સંખેશરા દ્વારા શરૂ.....**

(૩).. એ વાતખરી છે કે, બનાવ સમયે હુ શાકભાજી લેવા માટે ગામમાં ગયેલો હતો. એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ મારી હાજરીમાં બનેલો નહી. એ વાત ખરી છે કે, નિલમબેનના ઘર આગળ જે ખુલ્લી જગ્યા હતી તે જગ્યા લાડુબેનને ફાળવેલી. એ વાત ખરી નથી કે, આ પ્લોટ અમારે લેવાનો હતો. એ વાત ખરી છે કે, આ પ્લોટ લેવા માટે અમારે તથા નિલમબેનના પરીવાર વચ્ચે ઘણા વર્ષોથી વિવાદ ચાલે છે. એ વાત ખરી નથી કે, અમોએ તથા હીરલબેન પરીક્ષીતભાઈ પરીક્ષીતભાઈ દલાભાઈ વણકર , દલાભાઈ ભગાભાઈ વણકર, ઉર્મીલાબેન ગોવિદભાઈ વણકર, જમનાબેન ગોવિદભાઈ વણકરનાઓએ તા.૧૭–૦૬–૨૦૨૨ ના રોજ નિલમેબેન સાથે ઝઘડો કરેલો અને ઈજાઓ પહોચાડેલ. એ વાત ખરી છે કે, નિલમબેનનાઓએ અમારી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરેલી જેનો ગુના રજીસ્ટર્ડ નં.૮૦૦/૨૦૨૨ છે અને આ અંગેનો ઈડર કોર્ટમાં કેસ પણ ચાલે છે.

(૪).. એ વાત ખરી નથી કે, મારી દિકરી ઉર્મીલાએ તેમને કહેલ કે, આ માટી તમે કેમ લઈ જાઓ છો, તેમ કહેતા નિલમબેનનાઓ ઉશ્કેરાઈ જઈ મારી દિકરીને પકડી પાડેલ અને તેમના પતિ ભાવેશભાઈનાઓને ફોન કરી બોલાવી લીધેલ અને નિલમબેને મારી દિકરી ઉર્મીલાને ચોટલો પકડીને પછાડી દીધેલ અને નિલમબેન તથા ભાવેશભાઈનાઓ બને જણાએ ઉર્મીલાને ગડદા પાટુનો માર મારેલ. તે દરમ્યાન આરોપી શાંતાબેનનાઓ આવી ગયેલ અને તેઓએ પણ ઉર્મીલાબેનને છુટા પથ્થરો મારતા ઉર્મીલાને ડાબા પગની સાથળ ઉપર તથા પેટ ઉપર વાગેલ. જેથી મારી દિકરી ઉર્મીલાએ બુમાબુમ કરતા મારી પત્નિ જયોશ્નાબેન આવી ગયેલા. તે વખતે આરોપી નિલમેબન તથા શાંતાબેનનાઓ મારી પત્નિને ગાળો બોલતા હતા. ત્યારબાદ મારી દિકરી ઉર્મીલાએ ફોન કરતા બજારમાંથી ઘરે આવી ગયેલ. આરોપી ભાવેશભાઈનાઓએ મારી દિકરીને ઉઠાવી જવાની ધમકીઓ આપેલ અને કહેતા હતા કે, આ વખતે તો જવા દઉ છુ બીજી વખત જવા નહી દઈએ તે હકીકત હુ સોગંદ ઉપર ખોટી જણાવુ છુ.

(૫).. એ વાત ખરી નથીકે , હું આવ્યો ત્યારે આરોપીઓ કોઈ સ્થળ ઉપર હાજર હતા નહી. એ વાત ખરી છે કે, મારી ઘરની આજુબાજુ બીજા ઘણા મકાન આવેલા છે. એ વાતખરી છે કે, ઉર્મીલાબેન મારી દિકરી થાય છે અને જયોત્સનાબેન મારી પત્નિ થાય છે અને પરીક્ષીતભાઈ મારો ભત્રીજો થાય છે અને ખેમાભાઈ હરીભાઈ મારા સગા નથી. એ વાતખરી છે કે, ખેમાભાઈ હરીભાઈનુ મકાન બીજા ફળીયામાં આવેલ છે. ઈશ્વરભાઈ હીરાભાઈ મારો ભત્રીજો થાય છે. એ વાત ખરી નથી

કે, મે જે બનાવની વાત કરી છે તેવો કોઈ બનાવ બનેલ નથી અને નિલમબેને અમારી ઉપર ફરીયાદ કરેલ છે તેનાથી બચવા માટે હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**ઉલટતપાસ પુરી, ફેરતપાસ નથી.**

તારીખ : ૦૭/૦૭/૨૦૨૬.
સ્થળ:– ઈડર

સાહેદને જુબાની વાંચી, સંભળાવતાં, ખરી હોવાનું કબુલ રાખેલ છે.

મારી રૂબરૂ

**(અરૂણ સોની)**
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ
ઈડર,જિ.સાબરકાંઠા.
જજ કોડ–જીજે૦૧૪૨૨.

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
ઈડર,જિ.સાબરકાંઠા.

ફોજદારી કેસ નં.: ૧૧૮/૨૦૨૬

**<u>ફરીયાદી તર્ફે સાહેદ નં.         ની જુબાની.</u>**

હું આથી સોગંદ ઉપર પ્રતિજ્ઞા કરી કહું છું કે,                    આંક : ૧૧

મારૂં નામ       : ઉર્મિલાબેન                    પિતાનું નામ  : ગોવિદભાઈ વણકર,

ઉંમર આશરે   :  ૩૦વર્ષ                         ધંધો:  ઘરકામ,

રહેવાસી         : કુકડીયા, તા.ઈડર, જિ.સાબરકાંઠા.

..........................................................................................

**સોગંદ આપ્યા.**                                   **<u>સોંગદ ઉપરની જુબાની</u>**

**સરતપાસ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.ડી.પટેલ ધ્વારા શરૂ....**

(૧)..         આ કામના આરોપીઓને હું ઓળખુ છુ. જે પૈકી આરોપી નં.ર ભાવેશભાઈનાઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે. આરોપી નં.૧ તથા ૩ હાજર નથી. જો આજરોજ તે હાજર હોય તો તેમને ઓળખી શકુ. બચાવ પક્ષે ઓળખની તકરાર નથી.

(૨)..  બનાવ તા.૧૭–૦૬–૨૦૨૨ ના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યા પછી કુકડીયા ગામે મારા ઘર આગળ બનેલો. મારા ઘરની સામે આરોપીઓનુ ઘર આવેલ છે. બનાવના દિવસે આરોપી નિલમબેન અમારા ઘર આગળથી સાવરણીથી વાળી તેમના ઘર તરફ લઈ જતા હતા તે વખતે અમોએ નિલમબેનને કહેલ કે, અમારા ઘર આગળની માટી જોઈતી હોઈ તો લઈ જાઉ પરતું મારા ઘર આગળ ખાડો ન કરશો. જેથી નિલમબેન ગુસ્સે થઈ મને ગાળો બોલવા લાગેલા અને બોલાચાલી વખતે તેમના પતિ ભાવેશભાઈનાઓ પણ આવી ગયેલા. નિલમબેને મને પાછળથી પકડી પાડેલ અને તેના પતિ ભાવેશભાઈએ મને ચોટલો પકડી નીચે પાડી દઈ ગડદા પાટુનો માર મારેલ. તે દરમ્યાન મારી માતા જયોત્સનાબેનનાઓએ વચ્ચે પડી મને આ બન્નેના મારમાંથી છોડાવેલ. નિલમબેન તથા ભાવેશભાઈનાઓ પથ્થરો મારતા મને ડાબા પગની સાથળ ઉપર વાગેલ. તે વખતે આરોપી શાંતાબેનનાઓ આવી ગયેલા અને ગાળો બોલવા લાગેલા. ભાવેશભાઈનાઓએ મને ઉઠાવી જવાની ધમકીઓ આપેલ. સદર બનાવમાં મને ઈજા થયેલ હોઈ મને ઈડર તથા તથા હિમતનગર સરકારી દવાખાને સારવાર કરવા સારુ લઈ ગયેલા.સદર બનાવમાં મને એકલીને જ ઈજાઓ થયેલી. બનાવની ફરીયાદ મારા પિતાએ આપેલી અને બનાવ સબંધે પોલીસે મારો જવાબ લીધેલો.

**સરતપાસ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પુરી થયેલ જાહેર કરી..**
**ઉલટ તપાસ આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી એ.જી.સંખેશરા ધ્વારા શરૂ.....**

(૩)..         એ વાતખરી છે કે, આજે પણ હુ આરોપીઓના ઘરની સામે જ રહીએ છીએ. એ વાત ખરી છે કે, આરોપીઓના પિતા તથા મારા પિતા વચ્ચે વર્ષોથી પ્લોટ બાબતે ઝઘડો ચાલતો હતો. સાહેદ જણાવે છે કે, તેમાં સમાધાન થઈ ગયેલ છે. બનાવ આશરે ૧૫ મીનીટ જેટલો ચાલેલો.

બનાવ બન્યો તે વખતે ૨૦ થી ૨૫ માણસો ભેગા થઈ ગયેલા તે વાતની અમોને ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવમાં હુ નીચે પડી ગયેલી. એ વાત ખરી નથી કે, નીચે પડી જવાથી હુ બેભાન થઈ ગયેલી. એ વાત ખરી નથી કે, નીચે પડી જવાથી મને ઈજાઓ થયેલી.

(૪).. એ વાત ખરી નથી કે, નિલમબેન ગુસ્સે થઈ મને ગાળો બોલવા લાગેલા અને બોલાચાલી વખતે તેમના પતિ ભાવેશભાઈનાઓ પણ આવી ગયેલા. નિલમબેને મને પાછળથી પકડી પાડેલ અને તેના પતિ ભાવેશભાઈએ મને ચોટલો પકડી નીચે પાડી દઈ ગડદા પાટુનો માર મારેલ. તે દરમ્યાન મારી માતા જયોત્સનાબેનનાઓએ વચ્ચે પડી મને આ બન્નેના મારમાંથી છોડાવેલ. નિલમબેન તથા ભાવેશભાઈનાઓ પથ્થરો મારતા મને ડાબા પગની સાથળ ઉપર વાગેલ. તે વખતે આરોપી શાંતાબેનનાઓ આવી ગયેલા અને ગાળો બોલવા લાગેલા. ભાવેશભાઈનાઓએ મને ઉઠાવી જવાની ધમકીઓ આપેલ હોવાની હકીકત હુ સોગંદ ઉપર ખોટી જણાવુ છુ.

(૫).. પોલીસે બનાવ બાબતે મારો જવાબ લીધેલો તે હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે, પોલીસને જવાબ મારા પિતાશ્રીએ લખાવેલો. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ નથી જેથી અમારા પિતાએ ખોટી ફરીયાદ આપેલ છે તેને સમર્થન આપવા હાલની ખોટી જુબાની આપુ છુ.

**ઉલટતપાસ પુરી, ફેરતપાસ નથી.**

તારીખ : ૦૭/૦૭/૨૦૨૬.
સ્થળ:– ઈડર

સાહેદને જુબાની વાંચી, સંભળાવતાં, ખરી હોવાનું કબુલ રાખેલ છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
ઈડર,જિ.સાબરકાંઠા.

મારી રૂબરૂ

**(અરૂણ સોની)**
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ
ઈડર,જિ.સાબરકાંઠા.
જજ કોડ–જીજે૦૧૪૨૨.